# 'ઊધઈ' નવલકથામાં સામાજિકતા

ડૉ. ભરતભાઈ એ. ચૌધરી
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કુતિયાણા જિ. પોરબંદર

ડૉ.કેશુભાઈ દેસાઈ ક ત 'ઊધઈ એ સામાજિક નવલકથા છે. આ કથાનો પ્રવાહ પચ્ચીસ પ્રકરણોમાં વિભાજિત થયો છે. જેમાં હિન્દુ અને મુસ્લિમ વચ્ચેના ઈ.સ. ૧૯૬૯ માં અમદાવાદમાં થયેલાં કોમી હુલ્લડોની ઘટના નિરૂપાઈ છે. આ નવલકથાનાં સમય અને સર્જન બાબતે લેખક 'ઊધઈ ની પ્રસ્તાવના 'આપદ ધર્મ માં સ્પષ્ટતા કરે છે કે–'૧૯૬૯ નાં રમખાણો વખતે હું વડોદરાની મેડિકલ કોલેજનો વિદ્યાર્થી હતો. મહાત્મા ગાંધીના સ્વપ્નને બરાબર એમની શતાબ્દી ટાણે જ ગુજરાતની પ્રજાએ જે ક્રુરતાપૂર્વક રોળી નાંખ્યું હતું. એની વ્યથા મારી સુષુપ્ત ચેતનામાં ઊંડે સુધી કોરાઈ ગઈ હતી. બે–એક વર્ષ અગાઉ અમદાવાદમાં જે વરવાં કોમી હુલ્લડો થયાં, એ જોઈને પેલી સુષુપ્ત વેદના ઉદ્દીપ્ત થઈ ઊઠી...અને સરજાઈ આ ઊધઈ.[૧]

ડૉ.કેશુભાઈ દેસાઈ આ 'ઊધઈ' નવલકથા સામાજિક સમસ્યાત્મક કૃતિ રહી છે. કથામાં હિન્દુ અને મુસ્લિમ એમ બે પરિવારના વર્ષો જૂનાં સંબંધો, સભ્યોની પરસ્પર લાગણી, પ્રેમ અને સારાંમાઠાં પ્રસંગોમાં પરસ્પરનો સહકાર ને મદદ વગેરે કોમી એકતા જેવી બાબતોને નિરૂપી છે. ગામડાના સામાન્ય, સીધા સાદા નિર્દોષ એવા અભણ છતાં સંસ્કારી હિન્દુ અને મુસ્લિમ પરિવારને જ્ઞાતિભેદી અને ધર્મઝનૂન લોકો કેવા હેરાન–પરેશાન અને નષ્ટ કરે છે. તેની આ કથા છે.

કથાનો પ્રારંભ–પ્રકરણમાં રમઝાન માસમાં કથાનાયક બચુમિયાં રોજા દરમિયાન અમદાવાદમાં સિવિલ હોસ્પિટલથી એમ.જે. ગ્રંથાલયમાં 'કુરાન' લેવા જાય છે. નાયક પ્રથમ વર્ષ મેડિકલ સ્ટુડન્ટ છે ગ્રંથાલયમાંથી ધર્મગ્રંથ 'કુરાન' લઈને સિવિલ તરફ પાછા વળતાં, કોમી હુલ્લડો–કરફર્યુને લીધે પોતે મુસ્લિમ હોવાને નાતે અનેક અનુભવોમાંથી પસાર થાય છે. પોતે ગામડાનો મુસ્લિમ જ્ઞાતિનો સીધો–સાદો યુવક છે. તેને પોતાનો પરિવાર તથા પડોશી એવા હિન્દુ ઈજુફઈનો પરિવાર પણ સતત યાદ આવે છે. બચુને ઈજુફઈની દીકરી, બાળગોઠી ઢીંગા યાદ આવે છે. આ કથાનાયિકા ઢીંગાના બાળપણનાં કેટલાક પ્રસંગો સાંભરે છે, સતાવે છે.

'કુરાન લઈ સિવિલ જવાની રાહ જોતાં બચુને રીક્ષા ચાલક, લશ્કરી જવાન, પ્રૌઢ જયોતિષ વગેરે સાથે સંપર્ક થાય છે. જેમાં હિન્દુ–મુસ્લિમ ધર્મ અંગેની ચર્ચાઓ થાય છે. બીજી તરફ ગામડેથી આવેલા આ કથાનાયક બચુની તેનાં પિતા ગફુરમિયાં, માતા સકીના, પડોશી હિન્દુ પરિવારના સભ્ય એવં ઈજુફઈ ને ઢીંગા વગેરે ચિંતા કરે છે. જેનાં દ્વારા તેનાં જ્ઞાતિ, સમાજ, પરિવારના ખાનદાનને ખુમારીનો પરિચય થાય છે. સિવિલને રસ્તે ચાલતા બચુને હિન્દુ મુસ્લિમની એકતા ને ગામડાનું વાતાવરણ યાદ આવે છે. માતા–પિતા ને ઈજુફઈને હજયાત્રા અને દાન–ધર્માદા કરાવવાની ઈચ્છા થાય છે. ચાલતાં–ચાલતાં બચુમિયાં ભૂલથી એક મુસ્લિમ પોળમાં જઈ ચડે છે, ત્યાં મુસ્લિમ ટોળું બચુની પીઠમાં ખંજર મારે છે. ટોળાને પછીથી બચુના હાથમાં 'કુરાન ને કારણે ખબર પડે છે કે આ યુવક તો 'અપનેવાલા છે. આ મુસ્લિમ ટોળું બચુને ઘાયલ હાલતમાં લોહીલુહાણ દશામાં સિવિલના દરવાજા પાસે ફેંકીને જતા રહે છે. ત્યાં મુસ્લિમના નાતે તેની યોગ્ય ઝડપથી સારવાર થતી નથી, છતાં તેને દાખલ કરવામાં આવે છે.

બીજી બાજુ ગામડે બચુમિયાંની ચિંતા અમ્મા સકીના અને ઈજુફઈ કરે છે. તેઓ અમદાવાદમાં થયેલા હિન્દુ–મુસ્લિમના ઝઘડાની વાત સાંભળી ચિંતા કરે છે. એ દરમ્યાન ગામડે કસબામાં મુસલમાનો દ્વારા વિવિધ પ્રકારના દંગલો શરૂ થાય છે. જેમાં મુખ્ય બુટલેગર, કથાના ખલનાયક એવો યાસીન દાદો છે. આ દંગલોમાં ગફુરમિયાં પણ માંડ–માંડ બચે છે. 'અંબા મંદિર આગળ વાછરડાનું પૂછડું લટકાવવાની ઘટનાથી હિન્દુઓ ક્રોધિત થાય છે, હુલ્લડો વિશેષ થાય છે. હિન્દુ ટોળું મુસ્લિમોને મારવાં, તેના ઘરબાર સળગાવવાની તૈયારી કરે છે. એ વખતે ગફુરમિયાંને અમદાવાદમાં ઘાયલ બચુના

પોલીસ દ્વારા સમાચાર મળેછે. સકીના, ગફુર અને ઈજુફઈ તાત્કાલિક અમદાવાદ રવાના થાય છે. ઢીંગા એકલી ઘર અને ખેતર સંભાળે છે. તેને બાળગોઠી બચુની યાદ સતાવે છે. ગામડે ઘાયલ બચુના સમાચાર મળતાં મુસ્લિમો વધુ તોફાનો સર્જે છે. યાસીનદાદની ગુંડાગીરી વધુ વકરે છે. હિન્દુઓના ઘર, દુકાનો, મંદિરો વગેરેને નુકસાન કરે છે. સામેપક્ષે હિન્દુઓનાં ટાળાઓ નવાગામનાં નુકસાન માટે ચોરામાં એકત્ર થઈને ગફુમિયાંની દુકાન સળગાવે છે. બીજી તરફ યાસીનદાદા નવાગામનાં હિન્દુઓનાં ઘર, દુકાનોને ભડકે બાળે છે. આમ, હિન્દુ મુસ્લિમ બંને જ્ઞાતિઓનું ભયંકર નુકસાન થાય છે.

અમદાવાદમાં બેહોશ બચુમિયાંને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. ત્યાં હિન્દુવાદી વલણને કારણે બચુ ઘણો જ દુઃખી થાય છે. પરંતુ માનવતાવાદી મેટ્રન અને નર્સને કારણે તેની યોગ્ય પ્રેમભરી સારવાર થાય છે. બ્લડ મેટ્રન આપે છે. ઘાયલ બચુ સિસ્ટરના પ્રેમાળ, માનવીય સ્વભાવ, હૂંફથી ભાનમાં આવે છે. ત્યાં કુટુંબ–પરિવારને સવિશેષ ઢીંગા પણ યાદ આવે છે. વોર્ડમાં પણ હિન્દુ–મુસ્લિમનું વલણ જોવા મળે છે. લેખકે દવાખાનાનાં સમગ્ર વાતાવરણ, ડૉકટરો, નર્સ, મેટ્રન, દર્દીઓ વગેરેની વિગતે ચર્ચા કરી છે.

ઘાયલ બચુનું મૃત્યુ નિવેદન લેવા ઈન્સ્પેકટર ચૌહાણ આવે છે. તાવ–ધ્રુજારી, ઊંઘ ને ઓપરેશનની તૈયારી સાથે ઊંઘમાં–ઝોકામાં બાળપણનાં પ્રસંગો, ઢીંગા સાથે લગ્ન, ઢીંગાની આંખનું ફુલ્લું, માતા–પિતા, પડોશી વગેરે યાદ આવે છે. અંતમાં બચુ ઢીંગાને 'ચક્ષુદાન આપવાનું પણ ડૉકટરને જણાવે છે. ઓપરેશન પછી વન–મરણના સંઘર્ષ દરમ્યાન પરિવારના સભ્યો પહોંચે છે. ગફુર–સકીનાને ઈજુફઈના કરૂણ રૂદન સાથે બચુનું મૃત્યુ થતાં કથા પૂર્ણ થાય છે. કથામાં હિન્દ– મુસ્લિમ પરિવારની કોમી હુલ્લડો થતી ખુવારી સાથે બંને કોમની સામાજિક વાસ્તવિકતા રજૂ થયેલી છે.

## 'ઊધઈ' ના પાત્રો

'ઊધઈ નવલકથામાં બચુમિયાં, ઈજુફઈ, ગફુરમિયાં, સકીના, ઢીંગા, મેટ્રન, યાસીનદાદા, ઈન્સ્પેકટર ચોહાણ, ડૉકટર, મેડિકલ સ્ટુડન્ટ, જમાદાર, પોપટ, મુખી, ડુંગર, સિકયુરીટી, જયોતિષી વગેરે પાત્રસૃષ્ટિનું ચિત્રણ કર્યુ છે.

આ કથામાં બચુમિયાં કથાનાયક છે. તે મેડિકલનો વિદ્યાર્થી છે. નેક મુસ્લિમ યુવક છે. રમઝાન માસના રોઝા દરમ્યાન અમદાવાદમાં હિન્દુ જાણી મુસ્લિમો દ્વારા જ ઘાયલ થાય છે. તે ગામડાંનો મહ વકાંક્ષી યુવાન છે. પાડોશીને હિન્દુ યુવતી ઢીંગા તે બાળગોઠી છે. તેને નાનપણથી ચાહે છે. બચુન વાણી, વર્તન ને વિચારમાં નખશિખ માનવતા ને સમાજના એક અદના યુવકનું દર્શન થાય છે. આ પાત્ર નિમિત્તે શિક્ષણ, પરિવાર, પ્રણય, સમાજ અને ધર્મનું આલેખન થવા પામ્યું છે. કથાની નાયિકા હિન્દુ યુવતી ઢીંગા છે. ઢીંગાએ બચુની બાળગોઠી છે, નાનપણથી જ પડોશમાં તેનો ઉછેર–ઘડતર થયો છે, નાયક ઘણીવાર તેને બહેન કહીને પણ બોલાવે છે. છતાં પરસ્પર યુવાન વયે પ્રણયાંકુર ફૂટે છે. બંને પાત્રો મનોમંથન અનુભવે છેકેમ કે તે જાહેર કે વ્યકત પ્રેમ નથી. તે હિંમતવાન યુવતી પણ છે. આ કથાનું સમર્થ સ્ત્રી પાત્ર ઈજુફઈનું છે. ઈજુફઈ ખમીરવંતી, ખુમારીવાળી, હિંમતવાન અને વ્યવહાર કુશળ છે. તેણી હિન્દુ–મુસ્લિમ સમાજ ને પરિવારને એક જ ચાહે છે. મુસ્લિમ ગફૂરમિયાંની લાગણી સમજે છે. તે ત્યકતા છતાં સ્વનિર્ભર સ્ત્રીપાત્ર છે. ગફૂરમિયાં મુસ્લિમ જ્ઞાતિના બચુના પિતા છે. તે સાધારણ મુસ્લિમ પરિવારના મોભી, હિન્દુ મિત્ર ડુંગરનો ખાસ મિત્ર, મુસલમાન હોવા છતાં હનુમાન ભકત છે. તે ધંધાદારી ને સ્વપ્નસેવી માણસ તરીકે પ્રગટ થાય છે. સકીના એ બચુની માતા છે. જેને ઈજુફઈ સાથે ઘરોબો છે. એક મુસ્લિમ સ્ત્રી તરીકે લાગણીશીલ, સ્નેહાળ નારીપાત્ર છે. ડુંગર ઈજુફઈનો મૃતક ભાઈ છે. ગફુરનો ખાસ મિત્ર ગૌણપાત્ર છે. મેટ્રન હિન્દુ, માનવતાવાદી, સેવાભાવી સ્ત્રીપાત્ર છે. કથામાં ડૉકટરનું પાત્ર આધુનિક કર્મચારી કેવા રાજકીય અંગે દબાયેલા હોય છે તેમજ માનવતા વિહોણા, કોમવાદી તરીકે આલેખાયાં છે. તો વળી નર્સ દર્દીની સેવા કરનાર ને પ્રેમાળ વર્તન ને પરિચારિકા તરીકે પ્રગટ થાય છે. મુસ્લિમ કોમના યાસીનદાદા (ડોન) નું પાત્ર ખલનાયક છે. કોમવાદને પ્રોત્સાહિત કરનાર ને લોકોનાં ટોળાનું પ્રતિનિધિત્વ કરનાર વ્યકિત તરીકેનું ચરિત્ર ઘડાયું છે. પોલીસ અધિકારી–ઈન્સ્પેકટર ચૌહાણ પ્રતિનિધિત્વ કરે છે. ઈજુફઈનો પતિ ફાતડો, લોલુપ ને કામલોભી તરીકે ગૌણપાત્ર રહ્યું છે. તો વળી ઢીંગાના મામાનો દીકરા પોપટનું ગૌણપાત્ર પણ આલેખિત થયું છે. આ ઉપરાંત મુખી, ગામલોકોનાં ટોળાં વગેરેનાં ચરિત્રોનું અંકન–દર્શન થયું છે. 'ઊધઈ નવલકથાના સ્થળ, કાળ અને વાતાવરણ તપાસીએ તો સ્થળ ગુજરાતનું મેગાસીટી એવું અમદાવાદ મુખ્ય રહ્યું છે. જ્યાં વારંવાર હિન્દુ–મુસ્લિમ જ્ઞાતિ વચ્ચે કોમી હુલ્લડો અવાર–નવાર થયાં છે, કથાકાળ ભારતને આઝાદી પ્રાપ્ત થઈ તે પછીનો છે. આઝાદી પછી ભારત અને ખાસ કરીને, ગુજરાતનાં મોટા શહેરોમાં જયાં હિન્દુ–મુસ્લિમ જાતિ–જ્ઞાતિ મિશ્રિત રહી છે. આવા નગરોનાં અમુક વિસ્તાર કે લતામાં જે–તે જ્ઞાતિનું વર્ચસ્વ રહ્યું છે.

પછી તે હિન્દુ હોય કે મુસ્લિમ પરિણામે જ્ઞાતિ ઝેર કે ધર્મઝનૂન પ્રમાણમાં વકરતું રહ્યું. આ કથામાં ઈ.સ. ૧૯૬૯ ના રમખાણોની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર રજૂ થવા પામી છે. એ સમયે જે તંગદિલીભર્યું વાતાવરણ હતું, તે કથામાં નિરૂપાયું છે. એ સમયનાં શહેરો, ઉત્તર ગુજરાતના–સાબરકાંઠાના ગામડાના લોકો, તેનું માનસ રાજકીય રંગો, સરકારી તંત્ર વગેરે બાબતોનું વાતાવરણ કળાપૂર્ણ રીતે નિરૂપાયું છે.

કથાની સંકલના, વર્ણનો, સંવાદો, ભાષાશૈલી બાબતે પણ કૃતિ સફળ રહી છે. કથાનું કુલ પચ્ચીસ (૨૫) પ્રકરણોમાં વિભાજન કરી, સુપેરે સંકલના કરી છે. કથારસ જળવાયો છે. શહેર અને ગામડામાં કોમી હુલ્લડોનાં, દવાખાનાનાં શ્યો, જેવાં વર્ણનો પણ નોંધનીય રહ્યાં છે. ઈજુફઈ–સકીનાના સંવાદો, બચુ–ઢીગાનાં સંવાદો, બચુ–નર્સનો વાર્તાલાપ કળાત્મક રહ્યો છે. લેખકે કથાની નિરૂપણરીતિમાં ફ્લેશબેક પધ્ધતિ, યાદ અને સ્મરણરૂપે નિરૂપી છે. પાત્રો પ્રસંગોચિત ભાષાપ્રયુક્તિ યો છે. જેમાં ગ્રામ્ય છોકરી એવી ઢીંગા કે નર્સની શહેરી ભાષા ઈજુફઈની તળપદી ભાષામાં સામાજિકતાનું દર્શન થાય છે.

### ‘ઊધઈ’ નવલકથામાં સામાજિકતા

ભારત અને ગુજરાતમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચે કોમી હુલ્લડો સમયાંતરે થયા કરે છે. તેમાં હિન્દુ–મુસ્લિમ જ્ઞાતિના પરસ્પરનાં રમખાણો વારંવાર થતાં જોવા મળે છે. પરિણામે હિન્દુ–મુસ્લિમ સમાજને સતત હાનિ પહોંચી છે. કેટલાંયે નિર્દોષ કુટુંબો વેર–વિખેર બન્યાં છે. કેટલાય આમ આદમીઓની કત્લેઆમ થતી જોવા મળે છે. ડૉ.કેશુભાઈ દેસાઈએ ‘ ઊધઈ  નવલકથામાં હિન્દુ અને મુસ્લિમ પરિવારોની કોમી હુલ્લડો દ્વારા થયેલી તારા ને આલેખી છે. લેખકની ‘ઊધઈ નવલકથા સમસ્યામૂલક સમાજિકતાને નિરૂપે છે. ‘ઊધઈ  ની પ્રસ્તાવના ‘આપદ ધર્મ માં ડૉ.કેશુભાઈ દેસાઈ જણાવે છે : ‘ઊધઈ’ને હું મારી સર્જનયાત્રાનું મહ વનું સીમાચિહન ગણું છું. સમસ્યામૂલક નવલકથા લખવાની મારી ઝંખનાની એ ફળશ્રુતિ છે. આમ તો પ્રારંભથી જ હું સમાજલક્ષી રહ્યો છું. મારી પહેલી નવલકથા ‘વનવનનાં પારેવાં  થી માંડીને ‘ મેડમ  લગીની સુદીર્ઘ સાહિત્યયાત્રા દરમિયાન પ્રત્યક્ષ નહિં તો પરોક્ષ રીતે પણ હું સમાજ પ્રત્યેની જવાબદારી નભાવતો રહ્યો છું. એથી કૃતિના કલાપક્ષને ક્ષતિ ન પહોંચે એટલી કાળ  મેં અલબત્ત સેવી છે...સાહિત્યને હું સમાજનું માઉથપીસ સમજવાની ભૂલ તો ન કરી શકું, પરંતુ સાથોસાથ સાહિત્યકારની સમાજનિષ્ઠા બાબતે પણ મારા ચોક્કસ ખ્યાલો છે. હું શાશ્વત સાહિત્યનો ઉપાસક છું. માત્ર પોલી શબ્દલીલામાં મને રસ નથી, એટલે ‘મેડમ  કે ‘ઊધઈ  તો મારે ન લખવી હોય, તોય લખાઈને જ રહે.[૨]

અહી લેખકે વિષય, નિરૂપણ બાબતે તથા કળાપક્ષે પોતાનો અભિગમ– ષ્ટિકોણ રજૂ કર્યો છે. ડૉ.કેશુભાઈ દેસાઈની નવલકથાઓમાં સહજ રીતે સમાજદર્શન થાય છે. ‘ઊધઈ  માં ઈજુફઈ પટેલનું હિન્દુ કુટુંબ અને ગફુરમિયાં ઘાંચીનું મુસ્લિમ કુટુંબ રજૂ થયાં છે. આ હિન્દુ મુસ્લિમ પરિવાર વચ્ચે પેઢીગત સંબંધો, એકતા, આત્મીયતા ને પરસ્પર વહેવારોને લેખકે ઝીણવટથી આલેખન કર્યું છે. કથામાં ઈજુફઈનો ભાઈ ડુંગર અને ગફુરમિયાંને નાનપણથી મિત્રતા રહી છે. તો વળી નાયક બચુમિયાં અને નાયિકા ઢીંગા બાળપણ ગોઠી છે. યુવાન વયે તેનાં પ્રણયાકુંર જન્મે છે. આ બંને પાત્રોનો અપ્રગટ પ્રેમ હિન્દુ–મુસ્લિમની એકતાનું દર્શન કરાવી જાય છે. સ્વમાની અને નારીચેતનાનું દર્શન કરાવતું ઈજુફઈનું વ્યક્તિત્વ પણ સામાજિકતાનું સુપેરે દર્શન કરાવે છે. લેખકે પ્રસંગોપાત હિન્દુ–મુસ્લિમ એકતા ને ઈજુફઈ સકીનાના સંબંધોમાં પણ દર્શાવી છે. હિન્દુ નર્સ દ્વારા મુસ્લિમ ઘાયલ યુવક બચુમિયાંને રકતદાન કરવું એ પણ નોંધનીય બાબત લેખી શકાય. પ્રસ્તુત  કથામાં લેખકે હિન્દુ ધર્મ અને મુસ્લિમ ધર્મની કેટલીક માન્યતા, શ્રધ્ધા–અંધશ્રધ્ધા સ્ત્રીનું સમાજમાં સ્થાન, સાથે–સાથે કોમી હુલ્લડો દ્વારા થતી સમાજમાં અસર ને પ્રભાવ ને પાત્રો, પ્રસંગો ઘટનાઓ દ્વારા વર્ણવી છે.

### ધાર્મિક બાબતો

–‘ગફુરમિયાં શનિવારે હનુમાન ચાલીસાનો પાઠ કરતા.(‘ઊધઈ, પૃ. ૩૫)

–‘રમઝાન કરીને દિવસની પાંચ નમાજ પણ અદા ન કરી શકે, તો એ મુસલમાન શાનો ?  (‘ઊધઈ  પૃ. ૩૮)

–‘દિવાળી ટાણે હિન્દુ–મુસલમાન ભેગા થઈને ફટાકડા ફોડતા, ભેગી ધૂળેટી રમતા બેસતું વરસ હોય કે ઈદ : બંને કોમોના લોકો એકબીજાને ગળે લગાવતા–ભેટતા...  (‘ઊધઈ  ,પૃ. ૯૧)

–‘બચુ : હું બીકનો માર્યો ‘હનુમાન ચાલીસા  બોલવા લાગેલો ; એટલું યાદ છે  (‘ઊધઈ  ,  પૃ. ૧૯૭)

ઉપરોક્ત વિધાનો–અવતરણોમાં હિન્દુ–મુસ્લિમ એકતાનું દર્શન થાય છે.

**શ્રધ્ધા–અંધશ્રધ્ધા ને કેટલીક માન્યતાઓ**

'ઘરડા–બૂઢાને પાણી પાવું, લૂલા–લંગડાને રૂપિયો રૂડો જે મળે તે આપવો. ચકલાનેદાણા નાખવા, કૂતરાને રોટલો નાખવો. ગાયોને પૂળા નીરવા. ગરીબની,ભૂખ્યાની આંતરડી ઠારવી... એ જ પુણ્ય ('ઊધઈ , પૃ. ૫૧)

'જમણો હાથ આપે, ને ડાબો જાણે નહિ એનું નામ દાન... ('ઊધઈ , પૃ. ૫૧)

**અંધશ્રધ્ધા**

'કોઈએ માતા મેલાવી હશે... કાં તો મૂઠ મરાવી હશે... ('ઊધઈ ,પૃ. ૧૨)

'કોક અભડાયેલી રાંડનો ઓછાયો જયો હોય... ('ઊધઈ ,પૃ. ૧૬)

'બાધા–આખડી માનતા રહ્યા. ('ઊધઈ ,પૃ. ૧૫)

**લોકમાન્યતાઓ**

'કયામતના દિવસે વ્યાજનુંય વ્યાજ ચડીને મોટો ડુંગરો થઈ જશે. ('ઊધઈ ,પૃ. ૨૫)

'નિસારમાં જઈને મિયાંભાઈના દીકરા થોડા ભણેશરી થઈ જવાના છે ? વિદ્યા તો બામણના ખોળિયાને ચડે. (' ઊધઈ ,પૃ. ૨૭)

આ કથામાં સમાજમાં દીકરીઓનું સ્થાન કેટલું નિમ્નસ્તરનું હતું. તે પ્રસંગોપાત રજૂ થયું છે. દીકરી તેમજ સ્ત્રીનું મૂલ્ય ઘણું જ ઓછું હતું. દીકરી ભારરૂપ ગણાતી, 'પથરા સમાનરૂપ લેખાય છે. કેટલાંક અવતરણો ટાંકીએ :

'છોકરી બાર–તેર વરસની થઈ નથી કે પરણી જાય છોકરી સાપનો ભારો ખરીને ઘરમાં લાંબો વખત રાખવી જ ખોટી. : કોણ જાણે કયારે બોમ્બ ફોડી બેસે..('ઊધઈ ,પૃ. ૨૧)

આ અસ્ત્રીનો અવતાર પાપ કર્યા હોય ઈના પેટ છોડી જલ્મે..('ઊધઈ',પૃ. ૫૬)

આ તો પેટ પથરો પડયો, એની ઉપાધિ છે. કુદરતે વાંઝિયાં રાખ્યા હોત, તો આ જળોજથામાંથી તો બચ્યાં હોત.. ('ઊધઈ ,પૃ. ૭૭)

ઉપરોક્ત વિધાનોમાં લેખકે એ જમાનામાં પટેલ સમાજમાં દીકરી 'સાપના ભારા સમાન,'પથરા સમાન,'બોમ્બ સમાન હોવાનું જણાવે છે. સમાજમાં દીકરાનું વિશેષ મહ વ હતું. તેની તુલનામાં દીકરીની અવગણના થતી જોવા મળે છે. એ સમયે સમાજમાં પુરુષોને એકથી વધુ લગ્ન કરવાના, બહુપત્નીત્વનો રિવાજ હતો. જયારે સ્ત્રીઓ માટે બહુપતિત્વ ધારો ન હતો. આ બાબત ઈજુફઈના દામ્પત્ય વન પરથી જોવા મળે છે. કથામાં નોંધાયેલા વિધાનો ટાંકીએ તો–

'બબ્બે–ત્રણ ત્રણ વખત પરણવાનો તો એમના જમાનામાં આદમીઓમાં રિવાજ હતો. ઘેર–ઘેર એવું બનેલું હતું. ('ઊધઈ ,પૃ. ૬૫)

'એક પા ઈજુફઈને દહાડા રહ્યા, ને બી પા પાટવીનાં બીજાં લગ્નનાં ઢોલ ઢબૂકી ઊઠયાં('ઊધઈ ,પૃ. ૬૬)

આદમીમાં જોર હોય તો બૈરાં તો બેનાં બદલે બત્રીસ ભલે ને કરે ('ઊધઈ ,પૃ. ૧૨૩)

ઉપરોક્ત વિધાનોમાં એ જમાનામાં ખુદ સ્ત્રીઓ પણ પુરુષને એકથી વધુ પત્ની કરવા માટે સંમતિ આપતી. આ કથામાં ઈજુફઈ એ તેનાં પતિને આવી મંજુરી આપી હતી.સાબરકાંઠા વિસ્તારના પટેલ સમાજમાં સ્ત્રીઓની અવદશા લેખકે ઈજુફઈ ને દીકરી ઢીંગાના પાત્રો દ્વારા નિરૂપી છે. સમાજમાં પીસાતી, કચડાતી, સંઘર્ષશીલ આવી સ્ત્રીઓમાં ઘણીવાર નારીચેતનાનું દર્શન પણ સુપેરે થાય છે. ઉદાહરણ તરીકે બે ઉદાહરણો જોઈએ–

'હઠ સાલા ફાતડા તારાં આ રાજપાટ રાખ તારી પાસે કે ઘાલ એનં ભાંડામાં... કાળા ચોરના ઘેર વાસણ માંજ; પણ તારાં આંગણામાં તો પગ નહી દઉં એટલે નહી જ દઉં... ('ઊધઈ ,પૃ. ૧૨૪)

'હાથનાં બલૈયાં કાઢીને એમના માથામાં ફોડયાં હતાં.('ઊધઈ ,પૃ. ૧૨૩)

આ ઉપરાંત 'ધારિયું વીંજતી ઢીંગા ('ઊધઈ, પૃ. ૧૩૨) વગેરે વિધાનોમાં નારીનું આક્રમક વલણ જોવા મળે છે. જેનાં દ્વારા સામાજિકતાનું દર્શન થાય છે. કથામાં કોમી હુલ્લડોમાં કેટલી ભયંકર ખાનાખરાબી થવા પામી છે, તે પણ નોંધનીય

છે : ''ચાર ચાર દાયકાથી જામેલું ગામ કાળનો કોળિયો બની રહયું હતું, જાણે કાળ દેવતાને રીઝવવા કોઈ તપસ્વીએ ' સહસ્ત્રીકૂંડી યજ્ઞ ન રચાવ્યો હોય. ('ઊધઈ, પૃ. ૧૩૯)

'આખું ગામ ભસ્મીભૂત થઈ ગયું હતું ('ઊધઈ , પૃ. ૧૪૦)
કોમવાદ અને ધર્મઝનૂની લોકોનાં ટાળાંએ કેટલાંય નિર્દોષ પરિવારોને વેર–વિખેર કરી નાખ્યાં હતાં. હૃદય હચમચાવી દે એવાં શ્યો–પ્રસંગો નિરૂપાયાં છે. દાત. 'સલીમ હવેલીના દરવાજા બહાર લોહીનાં ખાબોચિયામાં તરફડી રહ્યો હતો. ('ઊધઈ,પૃ.૧૦૫) તો વળી હોનહાર મુસ્લિમ ડૉકટર બચુમિયાંને મુસ્લિમો દ્વારા જ ખંજર મારવું, તે દ્વારા તેનું મોત વગેરે બાબતો સમાજના કોમવાદને તા શ કરે છે. કોમવાદ–જ્ઞાતિઝેરથી હિન્દુ–મુસ્લિમ ઉભય જ્ઞાતિને સામાજિક, આર્થિક બાબતે મોટું નુકશાન થવા પામ્યું છે.

આમ, 'ઊધઈ નવલકથામાં હિન્દુ મુસ્લિમ સમાજનું ચિત્રણ થવા પામ્યું છે. જેમાં હિન્દુ અને મુસલમાનનો કુટુંબ–પરિવાર, તેનાં રીત–રિવાજો, લગ્નપ્રથા, ગોળપ્રથા, ધાર્મિકતા, શ્રધ્ધા–અંધશ્રધ્ધા, વિવિધ માન્યતાઓ, શિક્ષણ, સ્ત્રીઓનું શિક્ષણ, દીકરીઓ સ્ત્રીઓની સ્થિતિ, અવદશા નારીચેતના વગેરે દ્વારા સમાજની વાસ્તવિકતા નિરૂપાઈ છે. આ ઉપરાંત હિન્દુ–મુસ્લિમ પરિવારોના ગાઢસંબંધો, બચુ–ઢીંગાની બાળગોષ્ઠી, ડુંગર–ગફુરની મૈત્રી, ઈજુફઈ–સકીનાનાં સંબંધો વગેરેમાં હિન્દુ–મુસ્લિમ સમાજની પરસ્પરની એકતાનું દર્શન થાય છે. સાથે–સાથે કથામાં શહેરી ને ગામડાનાં લોકોનું કોમવાદી ઊધઈ સમાન વલણ, સરકારી દવાખાનાનાં ડૉકટરો, નર્સ વગેરેના સ્ટાફમાં જોવા મળતી માનવતા ને સામાજિકતા નિરૂપણ પામેલી જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ


૧. પાઠક, રમણલાલ 'ડૉ. કેશુભાઈ દેસાઈની નવ નવલકથાઓ : આસ્વાદાત્મક અધ્યયન, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫, પૃ. ૯૨
૨. દેસાઈ, કેશુભાઈ'ઊધઈ 'આપદ ધર્મ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧ પૃ.૫
૩. એજન, પૃ.૫–૬